# Telephone Conversation between PM and President of the Maldives

April 20, 2020

## વડાપ્રધાન અને માલદીવનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 20, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ માલદીવનાં રાષ્ટ્રપતિ મહામહિમ ઈબ્રાહિમ મોહમેદ સોલિહ સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

બન્ને નેતાઓએ તેઓનાં દેશમાં કોવિડ-19 ચેપની વર્તમાન સ્થિતિ અંગે એકબીજાને માહિતગાર કર્યા હતા.

તેઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો કે સાર્ક દેશો વચ્ચે સંમત થયેલી પદ્ધતિઓનું સંકલન સક્રિય રીતે અમલમાં મૂકવામાં આવી રહ્યું છે.

વડાપ્રધાનને એ વાત સાંભળતા ખુશી થઈ હતી કે અગાઉ ભારતીય તબીબી ટીમને માલદીવમાં કામે લગાડવામાં આવી હતી, અને ભારત દ્વારા ભેંટમાં આપવામાં આવેલી મહત્વની દવાઓએ આ ટાપુઓમાં ચેપનાં ફેલાવાનું નિયંત્રણ કરવા તરફ યોગદાન આપ્યું હતું.

માલદીવ જેવી પ્રવાસન-આધારિત અર્થવ્યવસ્થા માટે મહામારી ઉભા કરે છે તેવા વિશેષ પડકારોનું મૂલ્યાંકન કરતા, વડાપ્રધાને કોવિડ-19 ની આરોગ્ય પરની અને આર્થિક અસર ન્યૂનત્તમ કરવા માટે માલદીવનાં રાષ્ટ્રપતિને ભારતીય સહાયતા ચાલું રાખવાની ખાતરી આપી હતી.

બન્ને નેતાઓ સંમત થયા હતા કે વર્તમાન આરોગ્યની કટોકટીમાંથી ઉદ્દભવતા મુદ્દાઓ પર તથા દ્વિપક્ષીય સહકારનાં પાસાઓ પર તેઓનાં અધિકારીઓ સંપર્કમાં રહેશે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 20, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.